ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૪ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં વધુ ફી ઉઘરાવતી શાળાઓ સામે લાલ આંખ

## શાળાઓએ ઉઘરાવેલી વધુ ફી વાલીઓને પરત નહીં આપે તો એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરાશે

ગાંધીનગર, તા.૧૯

તાજેતરમાં રાજય સરકાર દ્વારા બેફામ ફી ઉઘરાવતી શાળાઓ સામે રાજયના શિક્ષણમંત્રીએ લગામ ખેંચી છે અને તમામ વિભાગોના ફીનું ધોરણ નક્કી કરી દેવાયું છે. તેમ છતા કેટલીક શાળાઓ રાજય સરકારના આ નિયમોને ઘોળીને પી ગઈ હોય તેમ વધુ ફી વસુલતી હોવાનું એનએસયુઆઈના ધ્યાને આવ્યું છે. જયારે બાળકોના વાલીઓ પાસેથી ઉઘરાવેલી વધુ ફી શાળાઓના સંચાલકો પરત કરે તેવી માંગ સાથે આજરોજ ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈના કાર્યકરોએ ડીઈઓને આવેદન પત્ર આપી રજુઆત કરી હતી. જે શાળાઓ ફી પરત ન કરે તેની સામે કડક કાર્યવાહી કરીને શાળાની માન્યતા રદ સુધીના પગલા ભરવામાં આવે તે પણ જણાવ્યું હતું.

સમગ્ર રાજયમાં તાજેતરમાં ધી ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ ( રેગ્યુલેશન ઓફ ફીઝ) એકટ ૨૦૧૭ અમલમાં આવેલ છે. આ એકટ મુજબ વિદ્યાર્થીદીઠ પ્રિ પ્રાયમરી અને પ્રાયમરી સ્કુલ રૂ.૧૫૦૦૦ અને સેકન્ડરી અને હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહ રૂ.૨૫૦૦૦ તેમજ હાયર સેકન્ડરી સ્કુલ વિજ્ઞાન પ્રવાહ રૂ.૨૭૦૦૦ ફી નિર્ધારીત કરવામાં આવી છે. એકટ પસાર કર્યા બાદ તેની અમલવારી કરવાની સંપૂર્ણ જવાબદારી રાજય સરકારની તેમજ જિલ્લા શિક્ષણ વિભાગના વડાની હોય છે. પરંતુ આ એકટની અમલવારી કરવામાં સરકાર તદન નિષ્ફળ નિવડી છે. જેથી ગાંધીનગર શહેરની સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ આ એકટ પસાર થયા બાદ ઉઘાડી લુંટ ચલાવી મનસ્વીપણે બેફામ ફી ઉઘરાવી રહી છે. જેને પગલે સામાન્ય વર્ગના બાળકો સારુ શિક્ષણ મળવુ દુર્ભાગ્યપૂર્ણ બન્યું છે. વધુ ફી ને પગલે વાલીઓનું પણ આર્થિક પરિસ્થિતિ જોખમાઈ રહી છે અને ઘરના બજેટ ખોરવાઈ ગયા છે. ત્યારે ગાંધીનગર ડીઈઓ દ્વારા આ એકટની અમલવારી કરાવવામાં આવે અને જે શાળાઓએ વધુ ફી ઉઘરાવી છે તે શાળાઓ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને વધુ ફી ઉઘરાવેલી પરત આપે તે માટે તંત્ર દ્વારા ફરજ પાડવામાં આવે, તેમજ જે શાળાઓ ફી પરત ના આપે તેવી શાળાઓ સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે અને માન્યતા રદ સુધીના પગલા ભરવામાં આવે તેવી માંગ સાથેનું આવેદન પત્ર જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ નયન શ્રીમાળી અને કાર્યકરો દ્વારા આપવામાં આવ્યું હતું. જો આ અંગે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી યોગ્ય કાર્યવાહી નહીં કરે તો એનએસયુઆઈ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે શાળાઓ ખાતે ધરણા તેમજ આક્રમક આંદોલન કરવામાં આવશે. તેમ જિલ્લા એનએસયુઆઈ દ્વારા જણાવાયું છે.

## સર્જન એજયુકેશન ટ્રસ્ટ દ્વારા પ્રાથમિક શાળામાં ચોપડા વિતરણ



ગાંધીનગરના સર્જન એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સેકટર-૧૨ની સરકારી પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ટ્રસ્ટના પ્રમુખના પુત્રના જન્મદિનનો પ્રસંગ હોઈ તમામ બાળકોને ચોકલેટ ખવડાવી મ્હોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

સે-૧૨ની સરકારી પ્રાથમિક શાળાના ધોરણ-૧ થી ૭ના તમામ બાળકોને સર્જન એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ફુલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, સામાજિક કાર્યકરો વિજયસિંહ માજીરાણા, કિરીટ પરેરા, ઉર્વશીબેન, અરૂણભાઈ તથા મેહુલ સોલંકી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ વિનોદ મેણાતના પુત્ર વિરાજ મેણાતના જન્મદિન પ્રસંગે આ સદકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિનોદ મેણાત, પાયલબેન મેણાત તથા રિતિકા મેણાત પણ ઉપસ્થિત રહ્યા હતા.

## છેલ્લા દોઢ વર્ષથી ગુમ યુવતિનું માતા-પિતા સાથે મિલન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના છત્રાલ ગામથી દોઢ વર્ષ અગાઉ ઘરેથી કલોલ ખાતે કોલજ જવાનું કહીને યુવતિ નીકળી હતી. ત્યારબાદ યુવતિ પોતાના ઘરે ન પહોંચી હોવાથી પરિવારે કલોલ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ કલોલ પોલીસે તપાસ કરી હતી પરંતુ યુવતિની કોઈ ભાળ મળી ન હતી. જેથી જિલ્લા પોલીસ વડાની સુચનાથી આ કેસ મહિલા પોલીસને સોંપવામાં આવ્યો હતો. જેને પગલે મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એસ પટેલ આ કેસની તપાસ હાથ ધરી હતી. ગુમ થયેલ યુવતિની ખુબ ઉંડાણપૂર્વક તપાસ કરતા યુવતિ પૂના હોવાનું જાણવા મળ્યું હતું. ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની સુચનાથી મહિલા પોલીસ મથકના પીઆઈ એમ.એસ પટેલ અને એ.એસ.આઈ કોકિલાબેન તથા પો.કો. પ્રકાશભાઈ તેમજ ડ્રાઈવર સંજયભાઈ, મુકેશભાઈ સહિતની એક ટીમ બનાવી પૂના ખાતે રવાના થયા હતા. ત્યારબાદ લોકેશન ટ્રેસ કરીને છોકરીના થયેલા સંપર્કો પરથી અન્ય વ્યકિતઓને શોધી કાઢી કડી મેળવી હતી ત્યારબાદ ખુબ મહેનતને અંતે ગુમ થયેલ યુવતિ શોધી કાઢી હતી. દોઢ વર્ષ બાદ યુવતિને શોધી નીકાળીને પોલીસે તેના માતા-પિતા સાથે મિલન કરાવ્યું હતું આ સમયે યુવતિના માતા-પિતાની આંખમાંથી હરખના આસુ સરી પડ્યા હતા અને પોલીસનો આભાર માન્યો હતો.

## મીના બજારમાંથી વરલી-મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના મીના બજારમાંથી ગઈકાલે બપોરના સુમારે વરલી-મટકાનો જુગાર રમાડતા એક શખ્સ સે-૭ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. પોલીસને તેની પાસેથી જુગાર સાહિત્ય તેમજ રોકડ રૂપીયા મળીને કુલ.૧૨૦૦૦નો મુદામાલ ઝડપી પાડી જુગારધારાનો ગુનોં નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરની સેકટર-૭ પોલીસે બાતમીના આધારે રેઈડ કરીને ગઈકાલે બપોરના સુમારે પેથાપુર ગામના દશરથ હીરાભાઈ ચૌહાણ રહે. પેથાપુરને મીના બજારમાંથી પોતાના ફાયદા માટે વરલી-મટકાનો જુગાર રમી રમાડતો હતો . જેને પોલીસે પકડી તપાસતા તેની પાસેથી જુગાર સાહિત્ય તેમજ રોકડ રૂપીયા મળીને કુલ ૧૨૦૦૦નો મુદામાલ પોલીસે ઝપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ડમ્પીંગ સાઈટ નહી હટાવાય તો પેથાપુરના નગરજનો આંદોલન કરશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાનું ડમ્પીંગ તથા લેન્ડફીલ સાઈટ પેથાપુર વિસ્તારમાં ફાળવવામાં આવેલ છે. પેથાપુર નગરની જગ્યા જયાં લેન્ડફીલ સાઈટ માટે ફાળવવામાં આવેલ છે તે ગૌચર વિસ્તાર આવેલ છે. જેનો મોટા ભાગનો વિસ્તાર પશુના ઘાસચારા માટે ઉપયોગ થાય છે તથા નજીકના વિસ્તારમાં ૮૦૦ વર્ષ જુનું પૌરાણિક પેથાપુરના સ્થાપના વખતનું સુખડેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. આ મંદિર નગરના શ્રધ્ધાળુઓની આસ્થાનું સ્થાન ધરાવે છે અને ગૌચરને અડીને સાબરમતી નદીનો પટ આવેલ છે. આમ લેન્ડફીલ આવવાથી સાબરમતી નદીનું સ્વચ્છ અને રમણીય વાતાવરણ જોખમાય તેમ છે.

આ બાબતે પેથાપુરના નગરજનો દ્વારા આવી કોઈ ડમ્પીંગ કે લેન્ડફીલ સાઈટ પેથાપુરમાં ફાળવવી નહી તેવી રજુઆત કરવામાં આવી છે. આ રજુઆત ધ્યાને લેવામાં નહી આવે તો નગરજનોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ તૈયારી બતાવેલ છે તથા જરૂર પડે તો નગરબંધનું આંદોલન પણ આપવામાં આવશે અને આગામી વિધાનસભા ચુંટણીનો બહિષ્કાર કરવાની ફરજ પડશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

## મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની વાર્ષિક સાધારણ સભા યોજાઈ : તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.૧૯

મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની ૧૭મી વાર્ષિક સાધારણ સભા અને ૨૫ તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. આ વાર્ષિક સાધારણ સભામાં વર્ષ ૨૦૧૬-૨૦૧૭નું સરવૈયું મંત્રી કે.યુ. પટેલે રજુ કર્યુ હતું સાથે આગામી વર્ષની મંડળીની યોજના અને વિગતોની રૂપરેખા આપવામાં આવી હતી. આ વર્ષની લોન ધિરાણ ૧ કરોડથી વધુ હોવાથી સભાસદોને બચત પર ૧૬ ટકા વ્યાજ ચૂકવવાની જાહેરાત કરાઈ હતી. સાથે ચાલુ વર્ષ ધિરાણ મર્યાદા ૧.૭૫ લાખથી વધારી ૨ લાખ કરવાની જાહેરાત કરાઈ હતી અને તત્કાલ લોન ૩૦,૦૦૦, ફુડ એડવાન્સ રૂ. ૨૦૦૦૦, ફેસ્ટીવલ એડવાન્સ રૂ. ૨૦,૦૦૦ તથા ઈન્સ્યોરન્સની રકમ રૂ. ૫૦,૦૦૦ કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. સાથે મંડળીના સભાદોના ૨૫ તેજસ્વી તારલાઓને મહેમાન દ્વારા વિદ્યા પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કમિશનર મોહમ્મદ શાદિહ, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા તેમજ નિવૃત્ત નાયબ કમિશનર એ.યુ. બુચ ઉપસ્થિત રહ્યા હતા.

## આઈ લવ માય ગાંધીનગર



### અમૃતભાઈ ભીલ

**ગાંધીનગર ગમે**

હરિયાળી અને હરિયાળાં હૃદયવાળાં માણસોને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સ્નેહાળ ને માયાળુ નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નિઃસ્વાર્થભાવે સેવાકાર્ય ઉપરાંત કલા, સાંસ્કૃતિક એવી અનેકવિધ કરતી અનેક સંસ્થાઓ અને સંસ્થાના બૅનર વિના કામ કરતા નરબંકાઓ પણ આ શહેરમાં છે, સૌને સલામ છે.

**નગરને બહેતર બનાવવા**

સૌ નાગરિકોનાં મનમાં નગરદાઝ જન્માવવામાં આવે તો નગર બહેતર નહીં, બેસ્ટ બની જાય એવું મારું માનવું છે.

**નગર માટે હું કરી શકું**

શહેરને જ્યાં, જ્યારે જરૂર પડે ત્યાં, ત્યારે સહાય પૂરી પાડવા હું તત્પર છું.

## વિશ્વ યોગ દિને મધુર ડેરીના પટાંગણમાં યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર ડેરી, ગાંધીનગર ખાતે વિશ્વ યોગ દિવસ નિમિત્તે તા.૨૧-૬-૨૦૧૭ના રોજ સવારના ૬ થી ૭ કલાક દરમિયાન મધુર ડેરી દ્વારા જાહેર જનતા માટે મધુર ડેરીના પ્રાંગણમાં યોગ શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ યોગ શિબિરમાં મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા ઉપરાંત સહકારી મંડળીના રાજય રજીસ્ટ્રાર તથા જિલ્લા રજીસ્ટ્રાર ઉપસ્થિત રહેશે.

ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા ભારત સરકાર તરફથી વિશ્વ કક્ષાએ આ સંદેશ પહોંચાડવા ‘૨૧ જૂને’ વિશ્વ યોગ દિવસ જાહેર થયેલ છે તે નિમિત્તે ભારત સરકાર, ગુજરાત સરકાર અને પતંજલિ યોગ સમિતિ દ્વારા ગુજરાત રાજયમાં યોગ શિબિરનું આયોજન કરી વિશ્વ રેકર્ડ બનાવવા આયોજન કરેલ હોઈ તેમાં ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ મધુર ડેરી એ આવશ્યક સેવા પુરી પાડતી હોવાથી તેના કર્મચારીઓ પણ આ વિશ્વ રેકોર્ડમાં સહભાગી થાય અને ગાંધીનગરની જનતાના આરોગ્યમાં સુધારો થાય તે હેતુથી મધુર ડેરીના પ્રાંગણમાં આ શિબિરનું આયોજન કરેલ છે. આ યોગ શિબિરનો ગાંધીનગરની જનતાને લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જિલ્લા કક્ષાની એર રાયફલ શુટિંગ સ્પર્ધાનું સમાપન

### સ્પર્ધામાં ૧૩૦થી વધુ શુટર્સે ભાગ લીધો : ડેપ્યુટી મેયરના હસ્તે મેડલ વિતરણ કરાયું : રાજયકક્ષાએ કોચ બનેલા જય મેહતા તથા રશિયામાં વર્લ્ડકપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર હિરલ સોલંકીનું સન્માન કરાયું



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૧૨માં વિવેકાનંદ હાઈસ્કૂલ ખાતે ડિસ્ટ્રીકટ એર રાયફલ શુટિંગ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિવિધ કેટેગરીમાં મળીને ૧૩૦થી વધુ શુટર્સે ભાગ લીધો હતો. સ્પર્ધાના સમાપન પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ ઉપસ્થિત રહી વિજેતાઓને મેડલ્સથી સન્માનિત કર્યા હતા.

આ પ્રસંગે એસોસિએશન સાથે જોડાયેલ શુટર જય મેહતાની ગુજરાત સ્ટેટ રાયફલ એસોસિએશનમાં કોચ તરીકે સેવાઓ આપવા બદલ સન્માન કરાયું હતું. આ ઉપરાંત આ પ્રસંગે ઉપસ્થિત શુટર હિરલ સોલંકી જેઓએ રશિયા ખાતે વર્લ્ડ કપ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમાપન કાર્યક્રમમાં સ્ટેટ રાયફલ એસોસિએશનના પ્રતિનિધિ તરીકે આર.આઈ. પંડયાએ હાજરી આપી હતી. સમગ્ર સ્પર્ધા તથા કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના ખજાનચી ગજેન્દ્રસિંહ બારડ તથા જનરલ સેક્રેટરી હિતેન્દ્રસિંહ રાઠોડે સતત યોગદાન આપી મહ્ત્વની ભૂમિકા ભજવી હતી. ડિસ્ટ્રીકટ એસોસિએશન દ્વારા ડેપ્યુટી મેયરને એર રાયફલ શુટિંગ રમતના ગાંધીનગરના શુટર ખેલાડીઓના વિકાસ માટે કાયમી પ્રેકટીસ કરવા જરુરી સુવિધા પુરી પાડવા રજુઆત કરવામાં આવી હતી.

**એર રાયફલ શુટિંગના વિજેતા ખેલાડીઓ**

● યુથ કેટેગરી-બૉયઝ
વશરાજ વાઘેલા-ગોલ્ડ, મીત પરમાર-સિલ્વર, યુગ પારેખ - બ્રોન્ઝ

● યુથ કટેગરી-ગર્લ્સ
હીરવા પટેલ-ગોલ્ડ, ખુશાલી વૈદ્ય-સિલ્વર, ગર્વી પટેલ-બ્રોન્ઝ

● ઓપન કેટેગરી-બૉયઝ
વિશાલ પરમાર-ગોલ્ડ, વિજયસિંહ બારડ-સિલ્વર, સુમિત પ્રજાપતિ-બ્રોન્ઝ

● ઓપન કેટેગરી-ગર્લ્સ
વૈશાલી કાપડિયા-ગોલ્ડ, ઉર્વશી પાટીલ-સિલ્વર, નૂપા દેસાઈ-બ્રોન્ઝ

● જુનિયર કેટેગરી-બૉયઝ
વિદુર મુનિ-ગોલ્ડ, કુંજ ભૂપતકર-સિલ્વર, મલય પટેલ-બ્રોન્ઝ

● ૧૦મી પિસ્ટલ ઈવેન્ટ
ઝીલ પટેલ-ગોલ્ડ, સાર્થક રાવલ-સિલ્વર, અનિરૂધ્ધસિંહ ચાવડા-બ્રોન્ઝ.



## આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના પ્રવેશોત્સવમાં ઉંટગાડીની મોજ

ગાંધીનગરના સે-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં ઉંટગાડી સાથે અનોખા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ધો-૧માં પ્રવેશ મેળવનાર બાળકોનું કપાળે કંકુ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ તેમને ઉંટગાડીમાં બેસાડી સમગ્ર કડી સર્વ વિદ્યાલય સંકુલની સહેલ કરાવતા શાળામાં લઈ જવાયા હતા. આ દરમિયાન ક્રિએટીવ ઝોન તરફથી બાળકોને ચીકી ખવડાવી મ્હોં મીઠું કરાવાયું હતું. શાળા પરીવાર વતી બાળકોને કંપાસબોક્ષના સાધનોની કીટ આપવામાં આવી તેમજ મિઠાઈ ખવડાવવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત શાળાના આચાર્ય તથા કર્મચારીગણે બાળકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

## @ગાંધીનગર

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે-૩-સી પ્લોટ નં. ૬૩૭/૧ ખાતે ૨.૩૦થી ૫.૩૦ દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● લાયન્સ અને લીયો કલબ દ્વારા પદગ્રહણ સમારોહ ૬ થી ૬.૩૦ કલાક દરમિયાન આંબેડકર ભવન ખાતે યોજાશે.

## વાતવાતમાં

● શહેરની શાળાઓમાં યોગ દિવસની ભવ્ય ઉજવણી માટેની તૈયારીઓ જોશભેર ચાલી રહી છે. આ ઉપરાંત પોલીસ તંત્રના કર્મચારીઓ તથા પેરા મિલિટ્રી ફોર્સ જેવા કે બીએસએફ અને સીઆરપીએફ વગેરે કેમ્પસમાં પણ યોગ દિવસની ઉજવણીની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

● ચેમ્પિયન્સ ટ્રોફિની ફાઈનલ મેચમાં પાકિસ્તાને ભારતને આપેલા પરાજયને પગલે શહેરના ક્રિકેટ રસિયાઓમાં નિરાશા વ્યાપી છે. આ સાથે શહેરમાં દિવસભર સોશ્યલ મિડીયા પર વિવિધ ચબકારિયાં સતત ફરતા રહ્યા હતા જેમાં અનુશ્કા શર્માના કિડનેપ થવાથી માંડીને હાર્દિક પંડયાને બાહુબલી તેમજ રવિન્દ્ર જાડેજાને કટપ્પા તરીકે સ્થાપિત કરતા જોકસ વધુ શે’ર થયા હતા.

## ગાંધીનગર સિવિલમાં પોસ્ટમોર્ટમની જવાબદારી એફ.એસ.એલ.ને સોંપવામાં આવશે

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના જીએમઈઆરએસ સોસાયટી હસ્તક વહિવટી સોંપી દેવામાં આવ્યો છે. મેડીકલ કોલેજ પણ અહીં શરુ કરવામાં આવી છે ત્યારે સરકારના ઠરાવ પ્રમાણે હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમની જવાબદારી ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને સોંપવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ હોસ્પિટલના જ મેડિકલ ઓફિસર દ્વારા મોસ્ટમોર્ટમ કરવામાં આવે છે. જો કે છ મહિના અગાઉ સરકારે ગુજરાત રાજય મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી હસ્તકની તમામ કોલેજોમાં પોસ્ટમોર્ટમની જવાબદારી એફ.એસ.એલ.ને સોંપવા માટે ઠરાવ કર્યા હતા. પરંતુ ઠરાવ પ્રમાણે એફ.એસ.એલ.ની સમિતિ દ્વારા પોસ્ટમોર્ટમની તપાસ કરવાની હોય છે જે સમિતિ હજુ સુધી બની નથી ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમની જવાબદારી એફ.એસ.એલ.ને સોંપવામાં વિલંબ થઈ રહ્યો છે. એફ.એસ.એલ. પોસ્ટમોર્ટમની જવાબદારી સંભાળી લે તો આધુનિક ઢબે પોસ્ટમોર્ટમ કરીને મૃત્યુનું કારણ સચોટ અને ઝડપી જાણી શકાશે.

## આગામી ગુરૂવારે રાજયકક્ષાનો સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ યોજાશે નહિ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ રાજયના નાગરિકો-પ્રજાજનોની સમસ્યા-પ્રશ્નો-ફરિયાદોના સ્થળ પર નિવારણ માટેનો રાજયકક્ષાનો સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી ગુરૂવાર તા.૨૨ જૂન-૨૦૧૭ના યોજાશે નહિ.

## ચિરવિદાય

● સ્વ. અનુરાગ સિન્હા, ઉ.વ. ૩૯